અપીલ અરજી નં.૪૮ તા.૨૮–૫–૦૯/૧૦

અરજદારઃ શ્રી અમરતભાઈ જે. પટેલ
સામાવાળાઃ એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી અમરતભાઈ જે. પટેલની તા.૨૩–૩–૦૯ ની અરજીથી અંબિકાપાર્ક વિ–૧, બ્લોક નં.૧૪, કૈલાસનગર સોસા., બ્લોક .૧,૨,૩,૫,૬ ૮,૧૦,૧૧,૪૨,૪૩ ડીંડોલી ઓમનગર ખરવાસા રોડ,બ્લોકનં.૧૩૬ ,૧૩૭, ૧૪૭,૧૪૮,૧૪૯,૫૦૨, ૩૮૭, અંબિકા પાર્ક વિ–૨, દેલાડવા રોડ, ડીંડોલી બ્લોક નં.૧૫૨ થી ૧૫૫ માં પ્લોટ મંજુર થયેલ લે આઉટ પ્લાન વિરુધ્ધ માર્જીનનું દબાણ કરી, કોમન પ્લોટમાં દબાણ કરી નિયમ વિરુધ્ધના બાંધકામ, વિકાસ પરવાનગીનો ભંગ, ઓકયુપન્સી સર્ટીફીકેટ,ગેરકાયદેસર દબાણની ટકાવારી અને તે અંગે થયેલ કાર્યવાહી વિગેરે બાબતે માહિતી મેળવવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૮–૫–'૦૯ ની અપીલ અરજી નં.૪૮/૨૦૦૯–૧૦

શ્રી અમરતભાઈ જે. પટેલની તા.૨૩–૩–૦૯ ની અરજીથી અંબિકાપાર્ક વિ–૧, બ્લોક નં.૧૪, કૈલાસનગર સોસા., બ્લોક નં.૧,૨,૩,૫,૬,૮,૧૦,૧૧,૪૨,૪૩ ડીંડોલી ઓમનગર ખરવાસા રોડ,બ્લોક નં.૧૩૬,૧૩૭,૧ ૪૭, ૧૪૮, ૧૪૯,૫૦૨, ૩૮૭, અંબિકા પાર્ક વિ–૨, દેલાડવા રોડ, ડીંડોલી બ્લોક નં.૧૫૨ થી ૧૫૫ પ્લોટ મંજુર થયેલ લ ે આઉટ પ્લાન વિરુધ્ધ માર્જીનનું દબાણ કરી, કોમન પ્લોટમાં દબાણ કરી નિયમ વિરુધ્ધના બાંધકામ, વિકાસ પરવાનગીનો ભં ગ, ઓકયુપન્સી સર્ટીફીકેટ,ગેરકાયદેસર દબાણની ટકાવારી અને તે અંગે થયેલ કાર્યવાહી વિગેરે બાબતે માહિતી મેળવવા બાબતે મુદ્દા નં.૫ (અ) માં માહિતી આપેલ નથી જે છુપાયેલ છે, ૫ (બ) માં ટકાવારી રેકર્ડ ઉપર નથી તથા ૬ (ક) માં બિલ્ડરનું નામ છુપાવવા અંગે રજૂઆત કરી એપેલેટ ઓફિસરને તા.૨૮–૫–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૨૧ તા.૨૯–૫–૦૯ થી એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી સી.ઝેડ/ઈએસટી/આ.નં.૭૪૭ તા.૧૫–૬–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં અરજદારની તા.૨૩–૩–૦૯ ની મુળ અરજી ફી ની પહોંચ, અરજદારને આપેલ માહિતીનો પત્ર તથા તે ડીસ્પેચ અંગેનો પુરાવો રજૂ કરેલ છે.

અરજદારની તા.૨૩–૩–૦૯ ની અરજીથી અંબિકાપાર્ક વિ–૧, બ્લોક નં.૧૪, કૈલાસનગર સોસા., બ્લોક નં.૧ ,૨,૩,૫,૬,૮,૧૦,૧૧,૪૨,૪૩, ડીંડોલી ઓમનગર ખરવાસા રોડ,બ્લોક નં.૧૩૬,૧૩૭,૧૪૭, ૧૪૮, ૧૪૯,૫૦૨, ૩૮૭, અંબિકા પાર્ક વિ–૨, બ્લોક નં.૧૫૨ થી ૧૫૫ દેલાડવા રોડ, ડીંડોલીની મુદ્દા નં.૧ પ્રત્યેક સોસા.માં બિલ્ડરે કેટલા પ્લોટમાં મંજુર થયેલ લે આઉટ પ્લાન વિરુધ્ધ માર્જીનમાં દબાણ કરી બાંધકામ કરેલ છે? મુદ્દા નં.૨ પ્રત્યેક સોસા.માં બિલ્ડરે કોમન પ્લોટમાં કેટલા પ્લોટનું દબાણ કરી નિયત વિરુધ્ધ બાંધકામ કરેલ છે? કોમન પ્લોટમાં કેટલા મકાન દબાયેલા છે? ફકત સંખ્યામાં માહિતી આપશો. મુદ્દા નં.૩ પ્રત્યેક સોસા.માં બિલ્ડરે નિયમ વિરુધ્ધનું બાંધકામ કરી વિકાસ પરવાનગીની શરતોનો ભંગ કરી ગુજરાત રાજય નગર રચના અને શહેરી વિકાસધારા ૧૯૭૬ અને તે સિવાયના પ્રર્વતમાન કાયદાઓનો ભં ગ કરવાનો અપરાધ કરેલ છે કાયદાનો ભંગ થયેલ હોય તો તેને શું કાર્યવાહી કરેલ છે? કે તંત્ર તે બાબતે માહિતગાર નથી? મુદ્દા નં.૪ પ્રત્યેક સોસા.ના બાંધકામ પૂર્ણ થયા પછી બિલ્ડરે કે મિલ્કતદારે શરત અને નિયમ મુજબ સત્તા મંડળનું ઓકયુપન્સી સર્ટી મેળવેલ છે કે કેમ? નિયત સમય પ્રમાણે સર્ટીફીકેટ નથી મળેલ તો તંત્ર તરફથી નિયમ મુજબની કાર્યવાહી કરેલ છે કે કેમ? મુદ્દા નં.૫ (અ) પ્રત્યેક સોસા.માં લે આઉટ પ્લાન વિરુધ્ધ ગેરકાયદેસર માર્જીનનું દબાણ ૧૫ થી ૨૦ ટકા જેટલું પ્રત્યેક મકાનનું તેમજ ખુલ્લા ભોગવટામાં થયેલ છે જે અંશતઃ કહેવાય? કે વધુ દબાણ થયેલ છે? તેની માહિતી, મુદ્દા નં .૫ (બ) પ્રત્યેક સોસા.માં લે આઉટ પ્લાન વિરુધ્ધ ગેરકાયદેસરનું કોમન પ્લોટનું દબાણ ૧૦ થી ૨૦ ટકા જેટલું થયેલ છે જે અં શતઃ કહેવાય કે વધુ દબાણ થયેલ છે? તેની માહિતી, મુદ્દા નં.૫ (ક) પ્રત્યેક સોસા.ના લે આઉટ પ્લાન વિરુધ્ધ ગેરકાયદેસરનું માર્જીનનું દબાણ તેમજ કોમન પ્લોટનું દબાણ કરી બાંધકામ કોણે કરેલ છે? સુડા વખતે દબાણ થયેલ હોય તો સુડામાંથી માહિતી મેળવી આપશો કે જે તે શરતો ને બંધનકર્તા હોય ત્યાંથી માહિતી મેળવી આપશો. મુદ્દા નં.૬ (અ) લીંબાયતઝોન મહેકમ ૪૪૩૭ તા.૧૭–૩–૦૯થી મળેલ માહિતી મુજબ કોમન પ્લોટમાં ગેરકાયદેસર બાંધકામ કરવાની પરવાનગી આપવાની સત્તા એસ.એમ.સી. પાસે છે તો બિલ્ડરે કોમન પ્લોટનું દબાણ કરવાની પરવાનગી લીધેલ છે કે કેમ? કે પરવાનગી લીધા વગર બાંધકામ કરી નિયમોનો ભંગ કરેલ છે? મુદ્દા નં.૬(બ) દબાણ બાબતે વર્તમાન તંત્રએ શું કાર્યવાહી કરેલ છે? મુદ્દા નં.૬(ક) સુડા વખતે બિલ્ડરે દબાણ કરેલ હોવાથી કાર્યવાહી કરવાનું વર્તમાન તંત્રની ફરજમાં આવે છે કે કેમ? તે તંત્ર હવે કયારે પણ કાર્યવાહી કરી શકે નહીં? પ્રત્યેક સોસા.ના ગેરકાયદેસર બાંધકામ કરનાર બિલ્ડરના નામ આપશો.સુડા કે આર્કીટેકટ પાસેથી કે બંધનકર્તા પાસેથી માહિતી પૂરી પાડશો વિગેરેની માંગણી કરેલ છે. અરજદારે મુદ્દા નં.૫ અને ૬ અંગે માહિતી આપેલ નથી અને છુપાવેલ છે તેવી તથા મુદ્દા નં.૫ (બ) ટકાવારી રેકર્ડ ઉપર નથી તથા મુદ્દા નં.૬(ક) અરજદારે માહિતી દફતરે ઉપલબ્ધ ન હોય તો દિન–૫ ની છુટ લઈ મેળવી આપવા રજૂઆત કરેલ છે.

**પાછળ**

અરજદારની અરજી બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૧૪ તા.૨૮–૪–૦૯ થી લગભગ સપ્તાહના વિલંબ બાદ અરજદારને મુદ્દાવાર માહિતી પૂરી પાડવામાં આવેલ જણાય છે. જે પૈકી અપીલના તબકકે અરજદારે ઉપસ્થિત કરેલ તકરારી મુદ્દા નં.૫ અને ૬ બાબતે ૫(અ) અને ૫(બ) માં દબાણની ટકાવારી અંગે રેકર્ડ પર માહિતી ઉપલબ્ધ નથી એવું જણાવેલ છે. પરંતુ અરજદારે જ અપીલ તબકકે આ અંગે સરખી બાબતની અગાઉની અરજીની માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી ના પત્ર નં.૪૪૯૩ તા.૨૧–૩–૦૯ થી આપેલ માહિતીનો હવાલો અને રજૂ કરેલ નકલ ધ્યાને લેતા બાબત હેઠળના મુદ્દાઓ અંગે વિગતવાર સીઓપીનો વિસ્તાર અને સ્થળ ચકાસણી દરમ્યાન મળેલ ખુલ્લા સીઓપીના વિસ્તારની વિગતો તુલનાત્મક રીતે અરજદારને પૂરી પાડેલ છે જ. જયારે ટકાવારી બાબતે પૂરક માહિતી તબકકે જાહેર માહિતી અધિકારીએ તા.૧૨–૬–૦૯ ના પત્રથી પૂરક વિગતોમાં જણાવેલ છે કે આવી કોઈ વિગતો ટકાવારી સ્વરૂપે રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવી જ રીતે અરજદારે અપીલ તબકકે ઉપસ્થિત કરેલ મુદ્દા નં.૬(ક) અંગે વિવાદ ઉભો કરી ગેરકાયદેસર બાંધકામ કરનાર બિલ્ડરના નામ માટે આગ્રહ રાખેલ છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા દફતરી ઉપલબ્ધ માહિતી અનુસાર બાબત હેઠળના બ્લોક નંબર માટે માલિકના નામ સરનામાં અને આર્કીટેકટના નામ સરનામાં પૂરા પાડેલ છે જ. તેમ છતાં અરજદાર ધ્વારા મુદ્દા નં. ૫(ક) અને ૬(ક) ની વિગતો સુડામાંથી કે આર્કીટેકટ પાસેથી કે બંધનકર્તા પાસેથી પૂરા પાડવા દુરાગ્રહ રાખેલ છે. જયારે અરજદારની મુળ અરજીના મુદ્દા નં.૬(અ) બાબતે અરજદારે કરેલ વિધાન "કોમન પ્લોટમાં ગેરકાયેસર બાંધકામ કરવાની પરવાનગી આપવાની સત્તા એસ.એમ.સી. પાસે છે તેવી માહિતી જાહેર માહિતી અધિકારીના પત્ર નં.મહેકમ/૪૪૩૭ તા.૧૭–૩–૦૯ થી જણાવેલ હોવાની બાબત જાહેર માહિતી અધિકારીના તા.૧૭–૩–૦૯ ના અરજદારને પાઠવેલ સદર માહિતીના મુદ્દા નં.૩(ક) બાબતે આપેલ પ્ર ત્યુત્તર ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારીએ અરજદારે કરેલ વિધાન અનુસારની માહિતી આપ્યાનું ફલિત થતું નથી. આ બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા અપીલની પૂરક વિગતોમાં સદર પત્રના હવાલા સહિત કરેલ ખંડન યથાર્થ જણાય છે. જેથી આ મુદ્દા બાબતે અરજદારની રજૂઆતને કોઈ દસ્તાવેજી સમર્થન મળતું ન હોઈ ગ્રાહય રાખવા પાત્ર ઠરતી નથી. અત્રે એ પણ સૂચક છે કે જાહેર માહિતી અધિકારી ધ્વારા અત્રે મોકલેલ પૂરક વિગત અનુસાર તા.૨૨–૧–૦૯ ના રોજ બાબત હેઠળના દફતરની તપાસણી અરજદારને આપવામાં આવેલ હોવાનું જણાવેલ. છે. તેમ છતાં અરજદારને પુનઃ દફતરની તપાસણી આપવા તૈયારી પણ દર્શાવેલ છે. આમ સમગ્ર હકીકત ધ્યાને લેતાં આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ અનુક્રમે માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી જે સ્વરૂપે હોય તે રીતે પૂરી પાડવાની જોગવાઈ છે. જેથી મુદ્દા નં.૫(ક) અને ૬ હેઠળ બિલ્ડરના નામ બાબતે જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ માહિતી અને અનુસરાયેલ કાર્યવાહી કાયદાની જોગવાઈથી સુસંગત હોવાનું ફલિત થાય છે.

## ***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૩–૩–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી અરજદારે મુદ્દા નં.૫ અંગે માંગણી નવી માહિતી ઉત્પન્ન કરીને આપવાની તથા મુદ્દા નં.૫(ક) અન્ય સત્તા મંડળ કે આર્કીટેકટ બંધનકર્તા પાસેથી માહિતી મેળવી પૂરી પાડવાની રજૂઆત આરટીઆઈ એકટની જોગવાઈઓ સાથે સુસંગત નથી. જયારે મુદ્દા નં.૬ અંગે કોમન પ્લોટમાં ગેરકાયેસર બાંધકામની પરવાનગી અને નિયમોના ભંગ બાબતે તથા દબાણો બાબતેની કાર્યવાહી અંગે ઈન્સ્પેકશન આપવા જાહેર માહિતી અધિકારીએ તૈયારી બતાવેલ છે. અરજદાર ઈચ્છુક હોય તો દિન–૭ માં કચેરી સમય દરમ્યાન જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરી ઈન્સ્પેકશન મેળવી શકે છે. અરજદાર તરફથી આ રીતે દફતરી તપાસણીની માંગણી થયે આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) સાથે નિયમ–૫ બી હેઠળ ઠરાવેલ તપાસણી ફી અને તપાસણી પશ્ચાત લાગુ કિસ્સામાં અરજદારની માંગણી મુજબના દસ્તાવેજ ની નકલ માટે દસ્તાવેજ ફી વસુલ લઈ માહિતી પૂરી પાડી થયેલ કાર્યવાહીની જાણ અત્રે કરવા એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)ને જણાવવામાં આવેલ છે.

***નં.આરટીઆઈસેલ/***
***તારીખ : –૬ – ૦૯***

***ડે.કમિશ્નર(જનરલ)***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી અમરતભાઈ જીવરામભાઈ પટેલ,